

## વડીલોને વંદન અભિનંદન



શિવશંકર દવે
(૧૯૩૭)ફોનઃ ૨૩૨૨૬૩૯૫



ભરતભાઈ પી. સોજિત્રા
(૧૯૪૭)મો.૯૮૨૪૪૨૬૯૬૫

# ડીસામાં ૬૧ ફૂટના રાવણનું દહન

ડીસા, તા. ૪

અસત્ય પર વિજયના પ્રતિક રૂપ દશેરા પર્વની ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ડીસા શહેરમાં શ્રી રામ સેવા સમિતિ દ્વારા શહેરમાં ભગવાન રામ લક્ષ્મણ અને જાનકીની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

ડીસા શહેરમાં નવરાત્રી પર્વ નિમિત્તે નવ દિવસ સુધી માતાજીની ઉપાસના અને ગરબાની રમઝટ બાદ દશેરાના દિવસે લોકોએ ફાફડા જલેબીની જયાફત ઉડાવી હતી. શહેરમાં ગુરૂવારે સાંજથી જ ફરસાણના કારીગરો દ્વારા ફાફડા જલેબી બનાવવાનો પ્રારંભ કરાયો હતો. શહેરમાં આ વર્ષે ઠેર ઠેર ફાફડા જલેબીના સ્ટોલ મંડાયા હતા. જ્યાં સવારથી જ લોકોનો ઘસારો જોવા મળ્યો હતો. દશેરા પર્વ નિમિત્તે ક્ષત્રિયો દ્વારા શસ્ત્ર પૂજન કરાયું હતું. શ્રી રામ સેવા સમિતિ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ દશેરા પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. રામજી મંદિર ખાતે અખંડ રામધૂન અને ભજનોનું આયોજન કરાયું હતું. શહેરના હવાઈ પિલ્લર મેદાનમાં શ્રી રામ સેવા સમિતિ દ્વારા ૬૧ ફૂટના રાવણનું દહન કરાયું હતું. સાથે ૩૧-૩૧ ફૂટના કુંભકર્ણ અને મેઘનાદનું પણ દહન કરાયું હતું. રાવણનું પુતળુ બનાવવા માટે મથુરાથી ખાસ કારીગરો લવાયા હતા. જેમણે ૬૧ ફૂટ રાવણ અને ૩૧-૩૧ ફૂટના કુંભકર્ણ અને મેઘનાદના પુતળા બનાવ્યા હતા. દશેરાના દિવસે શહેરમાં ભગવાન રામ-લક્ષ્મણ જાનકીની શોભાયાત્રા બાદ ત્રણેય પુતળાનું દહન કરાયું હતું. આ પ્રસંગે હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. આ ઉપરાંત લોકોએ ગાયો, બ્રાહ્મણ, કુંવાસીઓ, ગરીબોને દાન કરી પુણ્યનો લ્હાવો લીધો હતો. આમ ડીસા સહિત સમગ્ર જિલ્લામાં આનંદ ઉલ્લાસના માહોલ સાથે દશેરા પર્વની ઉજવણી કરવામાં આવી હતી.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## ડીસા નજીક હાઈવે પર પાંચ લાખના ટાયરોની ચોરી

ડીસા, તા.૪

ડીસામાં ભોંયણ ગામ નજીક આવેલ હાઈવે વિસ્તારમાં આવેલી એક દુકાનમાં ગત રાત્રિએ ત્રાટકેલા તસ્કરોએ અંદાજે રૂપિયા પાંચ લાખના ટાયરોની ચોરી કરી હતી. ઘટનાની જાણ થતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ થરી છે.

ભોંયણ ગામ નજીક સર્વિસ રોડ પર આવેલ રામદેવ ટાયર્સ નામની એક દુકાનમાંથી તસ્કરોએ અંદાજે પાંચ લાખ રૂપિયાની કિંમતના વિવિધ વાહનોના બ્રાન્ડેડ કંપનીના ટાયરોની ચોરી કરી હતી. જો કે ઘટના પોલીસ માટે કોયડારૂપ બનવા પામી છે. કારણ કે પોલીસને કયાંય ચોરીના બનાવને સમર્થન આપતા પુરાવા મળ્યા નથી. આટલા મોટા જથ્થામાં ટાયરો ચોરી જવા માટે ઘણું બધુ માનવબળ અને વાહનોની જરુર પડે પરંતુ પોલીસની પ્રાથમિક તપાસમાં આ બાબતે કોઈ પુરાવા હાથ લાગ્યા નથી. પોલીસે આ ઘટનાની સઘન તપાસ હાથ ધરી છે.

# મોડાસામાં સફાઈ અભિયાન સફળ તોયે જો બકા આવું તો રહેવાનું જ


મોડાસા, તા. ૪

ભારત સરકારના ૨જી ઓક્ટોબરના દિવસ ગાંધી જયંતિને ઉજવવાનો અને ગાંધી બાપુને સાચી રીતે શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વચ્છતા અભિયાન દિવસ તરીકે ઉજવીને દેશની જનતામાં જાગૃતતા કેળવવાનો અને દેશને સ્વચ્છ બનાવવાનો નિર્ધાર છતાં હજુ અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં પરિસ્થિતિ જ્યાં ને ત્યાં.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં મોડાસા નગરપાલિકાના વોર્ડ નં. ૫ માં સમાયેલા સર્વોદયનગર વિસ્તારમાં આવેલી આંગણવાડી અને પ્રાથમિક શાળાની બાજુમાં ગંદકીના ખડકલા અને કાદવકિચડ જોવા મળે છે. આ વિસ્તારમાં મજૂરી કરતો વર્ગે વધારે હોવાથી સરકારી તંત્રનો આ વિસ્તારમાં અણગમો દેખાઈ આવે છે. આંગણવાડીને અડીને દિવાલ તુટી ગયેલી હોવાથી અને દિવાલની પાછળના ભાગે ૨૦ ફૂટ ઊંડા ખાડા પાણી અને કાદવ-કિચડથી ભરેલા હોવાથી જો કોઈ બાળક ભુલથી પણ આ ખાડાની બાજુમાં રમતા-રમતા જતો રહે તો જાનહાની થવાનો ભય સેવાઈ રહ્યો છે. આ તુટી ગયેલી દિવાલની રજૂઆત સર્વોદયનગર વિસ્તારના લોકોએ અને નગરપાલિકા વોર્ડ નં. ૫ ના સદસ્યોએ સરકારી તંત્ર અને શિક્ષણ વિભાગમાં રજુઆત કરવા છતાં કોઈ પગલા ભરવામાં આવતા નથી. આંગણવાડી અને પ્રા. શાળાના અંદાજે ૨૫૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોવાથી આવી ગંદકીના કારણે બાળકોને ગંભીર બિમારી થવાનો ભય પણ રહેલો છે. અને રમતા-રમતા વિદ્યાર્થીઓ મોતના મુખમાં જતા રહેવાનો ભય પણ સતાવે છે.

૨જી ઓક્ટોબરે ભારત સરકારના જાહેર કરેલા સફાઈ અભિયાનમાં વોર્ડ નં. ૫ માં સરકારી કર્મચારીના હાજરી ફરજીયાત હોવા છતાં તેમજ સરકારી અધિકારી તરીકે ડેપ્યુટી કલેક્ટર હાજર રહેવા હોવા છતાં કોઈ કારણોસર અભિયાનમાં જોડાયા ન હતા. જો કદાચ આવા સક્ષમ અધિકારી હાજર રહ્યા હોત તો આંગણવાડી તેમજ પ્રા. શાળાના બાળકોની નિર્દય હાલતનો ચિતાર રાજ્ય સરકાર સામે રજુ કરી શક્યા હોત.

મોડાસા ન.પા. વોર્ડ નં. ૫ ના સદસ્યો નિતિન પંડ્યા, તારક પટેલ, કમળાબેન રાવળ હાજર રહી આ સફાઈ અભિયાનમાં સર્વોદયનગર વિસ્તારમાં સફાઈકામ અને સ્વચ્છતા અભિયાન હેઠળ સર્વોદયનગર વિસ્તારને સ્વચ્છ બનાવ્યો હતો અને લોકોને સ્વચ્છતા અભિયાનમાં દરરોજ સાથ આપવા સમજાવ્યા હતા.




(તસવીર : જય અમીન, મોડાસા)

## ઊંઝાના અનેક ગામોમાં ઠેર-ઠેર ગંદકી

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ઊંઝા તાલુકાના શહેરી વિસ્તારમાં કેટલીક સંસ્થાઓએ સફાઈનું આયોજન કર્યું છે. પરંતુ તાલુકાના કેટલાક ગામોમાં ગ્રામ પંચાયતોની નિષ્ક્રિયતાને કારણે હજુ સુધી સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું નથી. પરિણામે કેટલાક ગામોમાં ઠેર-ઠેર ગંદકી અને કચરાના ઢગ યથાવત રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામ પંચાયતો દ્વારા નાગરિકો પાસેથી કરવેરા પેટે સફાઈ વેરો લેવામાં આવે છે. તેમ છતાં ગામમાં સફાઈ બાબતે કોઈ જ ધ્યાન અપાતુ નથી જેથી આવા ગામો ગંદકીથી ખદબદી ઉઠ્યા છે. ત્યારે ગ્રામજનો રોષે ભરાયા છે અને પંચાયતના વહીવટકર્તાઓ સામે કાયદાકીય પગલા ભરવા માંગ કરી રહ્યા છે.

# વિશ્વગ્રામ સંસ્થા દ્વારા કોલેજ કેમ્પસમાં અનોખો પરિસંવાદ યોજાયો

મોડાસા, તા. ૪

મ.લા. ગાંધી ઉ.કે. મંડળ સંચાલિત કોલેજ સંકુલમાં વિશ્વગ્રામ સંસ્થા (જગુદણ) દ્વારા એક અનોખો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં બી.એડ. કોલેજના આચાર્ય ડૉ. જી.પી. રાવલે સૌ મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. લાટીવાળા ડી.એલ.એડ. કોલેજના આચાર્ય ડૉ. સંતોષ દેવકરે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. બી.એડ. અને ડી.એડ. કોલેજના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રથમ સેશનમાં 'લવ જંદગી' વિષય પર પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. જેમાં બસો ઉપરાંત વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સંજયતુલા દ્વારા 'લવ જિંદગી' પર મૌખિક પ્રવચન આપવામાં આવ્યું હતું. ચર્ચા બાદ પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી. લવ જિંદગી પર મોટા ભાગના પ્રશ્નો વિદ્યાર્થીઓ દ્વારા પુછવામાં આવ્યા હતા.

બીજા સેશનમાં વિદ્યાર્થીઓને થીમ આધારિત ફિલ્મ બતાવવામાં આવી હતી. પંકજકપુર અભિનિત અને અનિતા તલવાર દિગ્દર્શીત 'ધર્મ' ફિલ્મ બતાવવામાં આવી હતી. સાચા ધર્મને અભિપ્રેત કરતી આ ફિલ્મને સાત નેશનલ એવોર્ડ મળેલા છે. ફિલ્મમાં અધ્યાપકો પણ જોડાયા હતા. ધર્મ ફિલ્મથી એટલી બધી અસર થઈ કે તમામ વિદ્યાર્થીઓ ભાવવિભોર થઈ ગયા હતા. ફિલ્મ જોયા બાદ તેની પ્રશ્નોત્તરી અને ફિલ્મની સમીક્ષા સંજયતુલા દ્વારા કરવામાં આવી હતી. નિવૃત્ત આચાર્ય હર્ષદ રાવલ, ઉમેશ શ્રીવાસ્તવ, વિશ્વગ્રામમાંથી જોડાયા હતા. ડૉ. અરૂણભાઈ શાહે જણાવ્યું હતું કે દર માસના છેલ્લા શનિવારે આવી થીમ આધારિત ફિલ્મ વિદ્યાર્થીઓને બતાવવામાં આવશે અને ફિલ્મની ચર્ચા-પ્રશ્નોત્તરી કરવામાં આવશે. સારી ફિલ્મો જોવાવી જોઈએ અને ફિલ્મ કેવી રીતે જોવી એ વિષય પર ડૉ. સંતોષ દેવકરનું આગામી દિવસોમાં પ્રવચન ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું. ધર્મ ફિલ્મ વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ પ્રશંસા પામી.

# પ્રાંતિજમાં ભવ્ય પલ્લી યાત્રા નીકળી

પ્રાંતિજ, તા. ૪

પ્રાંતિજ નાની ભાગોળ પટેલવાસમાં સ્થિત બ્રહ્માણી માતાના મંદિરેથી વર્ષોની પરંપરાગત પલ્લીયાત્રા રંગેચંગે નીકળી હતી. જેમાં હજારોની સંખ્યામાં માઈ ભક્તોએ પલ્લીના દર્શન કરી ધન્યતા અનુભવી પલ્લીમેળાનો આનંદ માણ્યો હતો.

બ્રહ્માણી મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરાગત માતાજીની પલ્લીમાં માઈ ભક્તો દ્વારા હજારો કિલ્લો શુદ્ધ ઘી નો અભિષેક કરવામાં આવ્યો હતો. પ્રાંતિજના પટેલ વાસના યુવાનો દ્વારા પરંપરાગત પલ્લી તૈયાર કરી પાલખી સ્વરૂપે શહેરભરમાં પલ્લી કાઢવામાં આવી ભવ્ય આતશબાજી સાથે વાતાવરણ જય અંબેના નાદ સાથે ગુંજી ઉઠ્યું હતુ.

અંદાજે પલ્લી મેળામાં ૫૦ હજાર માઈભક્તો ઉમટી પડ્યા હતા અને પલ્લીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પલ્લીમેળામાં પ્રાંતિજ પોલીસમથકના પી.આઈ. ભરત પટેલ દ્વારા સુરક્ષાના ભાગરૂપે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## શબ્દાવલી - ૫૫૨૩



### આડી ચાવી

૧. સાથીદાર, કુકર્મમાં સામેલ (૪)
૪. પોટલું (૩)
૬. ચરણ, દરેકે પોતાના... પર ઊભું રહેવું જોઇએ (૨)
૭. અશક્ત, ઓછા જોરવાળું(૪)
૮. દૃશ્ય, દેખાવ, વાહ ક્યાં... હૈ (૨)
૯. અરમાન (૨)
૧૦. એક જ્ઞાતિ-કોમ (૪)
૧૩. સ્હેજ-જરીક (૨)
૧૪. પુરી ન થયેલ ઇચ્છાઓનો અફસોસ (૪)
૧૬. ... અને મરણ ભગવાનના હાથમાં છે (૩)
૧૭. ઓડકાર (૩)
૧૮. શંક, વ્હેમ (૩)
૨૧. સોગન, કસમ (૩)
૨૨. શરીર, તન (૨)

### ઊભી ચાવી

૧. એક રમત (૪)
૨. આકાશ, નભ (૩)
૩. તકનો લાભ ન છોડનાર(૪)
૪. એક જાતનું કેફી દ્રવ્ય (૨)
૫. બહુ જ ખોટો રસ (૩)
૧૦. વિશ્વાસ (૩)
૧૧. સમાચાર, સગવડ (૩)
૧૨. તીખુ લાગે તો મોંથી નીકળતો અવાજ (૪)
૧૩. પિતા, બાપુજી (૩)
૧૫. પતિ, ધણી (૨)
૧૬. ઉત્સવ (૩)
૧૯. શ્રાપ (૨)
૨૦. રસ્તો, પથ (૨)

### શબ્દાવલી ૫૫૨૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) ધરાર (૩) કામાતુર (૬) રજ (૭) ખાતર (૮) ખટરાગ (૯) કપટ (૧૦) તન (૧૧) પરાગરજ (૧૪) કાટમાળ (૧૭) પળોજળ (૧૯) ઉદાહરણ (૨૦) પસ

**ઊભી ચાવી :-** (૧) ધરપકડ (૨) રાજ (૩) કાતરા (૪) મારગ (૫) રમજાન (૭) ખાટ (૮) ખટપટ (૧૦) તજ (૧૨) રામા (૧૩) જપ (૧૫) જણસ (૧૬) ગાઉ (૧૮) જપ

## હાઈકોર્ટનો આદેશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભટ્ટે રજુઆત કરી હતી કે, તેઓ ૧૫ વર્ષથી અવિરત રીતે જી.પી.સી.બી.ને સેવા આપી રહ્યા છે અને તેથી '' તરીકે તેઓને નોકરીમાં નિયમિત કરવા જોઈએ અને આ પ્રકારના અરજદારોને નોકરીમાંથી દુર કરીને તેના જેવા અન્ય વ્યક્તિઓને આઉટ સોર્સિંગથી નોકરી આપી શકાય નહિ તે સંજોગોમાં અરજદારોને નોકરીમાંથી દૂર કરવાનો નિર્ણય ભારતના બંધારણના અનુચ્છેદ-૧૪ તથા ૧૬ ના ભંગ સમાન છે. વળી, આઉટ સોર્સિંગની નીતિ પાછળથી અસરથી લાગુ કરી શકાય નહિ અને તે સંજોગોમાં વર્ષ ૧૯૯૭ થી સતત રોજમદાર તરીકેની સેવા આપતા ડ્રાઈવરોને નોકરીમાંથી દૂર કરવાનો નિર્ણય ગેરકાયદેસર અને ગેરબંધારણીય છે. પ્રસ્તુત કેસમાં આખરી સુનાવણ ીબાદ ગુજરાત હાઈકોર્ટના નામદાર ન્યાયમૂર્તિશ્રી જી.આર. ઉદવાણીએ જી.પી.સી.બી.ને નોકરીમાંથી છુટા કરાયેલ અરજદારોને પુનઃ સ્થાપિત કરવા આદેશ કર્યો છે અને સરકારના ૨૬, ફેબ્રુઆરી-૨૦૦૯ ના નીતિવિષયક ઠરાવ અનુસાર એક સમય માટે અરજદારોને ડ્રાઈવર તરીકે જી.પી.સી.બી.માં નિયમિત કરવા આદેશ આપવામાં આવ્યો છે. આ કેસમાં ૧૧ અરજદારો વતી ધારાશાસ્ત્રી જયંત પ્રેમશંકર ભટ્ટ, જિત જયંત ભટ્ટ તથા વિધી જયંત ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

## રઝળપાટ...

● બીજા પાનાનું ચાલુ

આર્થિક મદદ શોધવા નીકળેલો તો ૩૦૦ ઉપર લોકોએ એને ખાલી હાથ દરવાજેથી જ પાછો વાળેલો. ૩૦૦ જેવા નિષ્ફળ પ્રયત્નો પછી પણ એ હિમ્મતનાં હાર્યો કારણકે આંખમાં આંજેલા સપના લઈને એ જીવતો હતો, એ જ એનું જીવન હતું જે આખરે સફળતામાં પરાવર્તિત થવાનું હતું. જેના વગર સિનેમા અધૂરું છે એવા ચાર્લી ચેપ્લિનને શરૂઆતમાં અનેક સ્ટુડિયોવાળાઓ એ એમ કહીને કાઢી મુકેલો કે તારી વાર્તાઓ એકદમ નોનસેન્સ અને અર્થ વગરની છે. આવા ગતકડામાં પૈસા રોકીને અમારે પાયમાલ નથી થવું? એ બિચારાઓને ક્યાં ખબર હતી કે આ ગતકડાં નહિ પણ ચાર્લીએ જોયેલા સપના છે જે સાકાર થશે ત્યારે એને ગતકડાં ગણનારાઓની આખો ચાર થઈ જવાની હતી અને એક્જેટલી એ જ થયું.

સફળ લોકોના અનેક પ્રસંગો અને કિસ્સાઓ છે અને એ દરેક કિસ્સામાં ક્યાંક ને ક્યાંક શરૂઆતી નિષ્ફળતામાંથી એમણે મેળવેલી સફળતાની સોનેરી સવારની વાત છે. અનેક પ્રેરણાત્મક પુસ્તકોના લેખક વિલિયમ હિલે અનેક સફળ લોકોના જીવનનો અભ્યાસ કર્યો અને એ અભ્યાસનો નીચોડ રજુ કર્યો પુસ્તક થીક એન્ડ ગ્રો રીચ - માં. એમણે નોંધ્યું છે કે કોઈ પણ ક્ષેત્રમાં સફળ થવાની પૂર્વશરત છે એ ક્ષેત્રમાં સફળ થવાનું સપનું જગાવવાની. વિલિયમ લખે છે કે લગભગ દરેક સફળ માણસને એને જોયેલા સપનાને સાકાર કરવામાં અનેક કઠીનાઈઓ આવી, મુસીબતો આવી પણ એણે પોતાના સપનાને છોડ્યું નહિ. ચાહે લાખ તુફાન આયે એ ન્યાયે એમણે પોતે જોયેલા સપનાને પુરા કરવા પરિશ્રમ કર્યો, મહેનત કરી અને અંતે કોઈને ઝડપથી તો કોઈને મોડેથી પણ સપનું સિદ્ધ કરવાની તક મળી મળી અને મળી જ.

વિસામો :

ઈચ્છા + સ્થિરતા = સંકલ્પ : સંકલ્પ + મહેનત = સફળતા :- નરેન્દ્ર મોદી

# પ્રાંતિજ નજીક લકઝરી બસની ટક્કરે યુવાનનું કરૂણ મોત

પ્રાંતિજ, તા. ૪

પ્રાંતિજ નેશનલ હાઈ-વે પર ગત રાત્રી દરમિયાન પુરપાટ ઝડપે દોડી આવતી લકઝરી બસે રાહદારીને કચડી નાખતા રાહદારીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ કરૂણ મોત થયું હતું.

પ્રાંતિજ નજીકના પીલુન્દ્રા ગામના ૧૦-૧૨ યુવાનો ગત રોજ પ્રાંતિજના પલ્લી મેળામાં આવ્યા હતા અને પલ્લી મેળો માણ્યા બાદ પોતાના ઘર તરફ પીલુન્દ્રા જઈ રહ્યા હતા. ત્યાં એકાએક પાછળ પુરપાટ ઝડપે દોડી આવતી લકઝરી બસના ચાલકે બસ બેદરકારીપૂર્વક હંકારી માર્ગપરના રાહદારી કાળાજી લક્ષ્મણભાઈ મકવાણા ઉં.વ. ૨૮ ને અડફેટે લઈ શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આથી ઘાયલ યુવાનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ કરૂણ મોત થવા પામ્યું હતુ. જ્યારે બસનો ચાલક ઘટનાસ્થળેથી નાસી છુટ્યો હતો. આ મામલે પ્રાંતિજ પોલીસ અજાણ્યા લકઝરીચાલક સામે ગુનો નોંધી તેની સઘન શોધખોળ હાથ ધરી છે.

## ઘીનો જથ્થો જપ્ત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તથા ગાંધીનગર વર્તુળ કચેરીના સ્ટાફે સાથે રહીને 'ઘી'ની ગુણવત્તા અંગે રુપાલના તમામ વિસ્તારમાં સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ મેળામાં રજીસ્ટ્રેશન વગરનો કોઈ પણ ઘીનો સ્ટોલ ધારક ઘી વેચતા જોવા મળ્યો ન હતો. જયારે ગામમાં વિશેષ તપાસ કરતા લેબલ વગરના શંકાસ્પદ હાલતમાં કે હલકી ગુણવત્તા ધરાવતું ચાલુ ઘીનું વેચાણ થતું જોવા પણ મળ્યું ન હતું. આમ છતાં મધુર ઘી, વિમલ ઘી, સોનાઈ પ્રિમીયમ ઘી, માહી ઘી, ગોકુલ ઘી, સોપાન ઘી વિગેરે બ્રાન્ડના તંત્ર દ્વારા કુલ ૧૩ જેટલા નમુના લેવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન શંકાસ્પદ ગુણવત્તા ધરાવતા અંદાજે ૧૧૧૫ કિ.ગ્રા. જેટલો ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. જેની અંદાજીત કિંમત રૂ. ૪,૪૩,૯૫૭ થવા જાય છે આ તમામ નમુનાઓ લઈને પ્રયોગશાળામાં પૃથ્થકરણ અર્થે મોકલી આપવામાં આવેલા છે. નમુનાનું પરિણામ આવ્યા બાદ કસુરવાનોની સામે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ પણ વિભાગ દ્વારા જણાવાયું છે.

## દિલ્હીના અધિકારીઓએ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આર.ટી.ઓ. ઓફિસની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે આર.ટી.ઓ. કચેરીમાં સ્થિત ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેકનું નિરિક્ષણ કર્યું હતું. દેશની સમગ્ર આર.ટી.ઓ. કચેરીઓમાં આ મુજબના ટ્રેક ઉભા કરવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે ત્યારે ગાંધીનગરની હાઈટેક અને પેપરલેસ આર.ટી.ઓ. કચેરીની નમૂનારૂપ કામગીરીનો અધિકારીઓએ જરુરી અભ્યાસ હાથ ધરી હકારાત્મક અભિગમ અપનાવ્યો હતો.

ટ્યૂકડી જાહેર ખબર

ટ્યુશન

સ્વામિ ટ્યુશન ક્લાસની સ્પેશ્યલ બેચ - વિના મૂલ્યે, અંગ્રેજી - ગુજરાતી માધ્યમ. ધો-૧૧ Accountancy માટે (વહેલા તે પહેલાના ધોરણે - મર્યાદિત સંખ્યામાં)

મો. - ૯૭૧૨૯૬૭૪૮૫

## ગાંધીનગર ચેમ્પીયન...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરાજય આપી એક વિક્રમ સર્જ્યો છે. આ ટીમે પ્રાંરભમાં મહેસાણાની ટીમને પણ ૨-૦ થી પરાજય આપ્યો હતો. રાજ્યકક્ષાની આ સ્પર્ધામાં ગાંધીનગર માઉન્ટ કાર્મેલનો વિદ્યાર્થી વશિષ્ટ સંજય જોષી જોરદાર ઝળક્યો હતો. તેણે આખી ટૂર્નામેન્ટમાં સૌથી વધુ ગોલ ફટકારી એક અનોખી સિદ્ધિ પોતાના નામે કરી છે. વશિષ્ટ જોષીએ આ ટૂર્નામેન્ટમાં ત્રણ હેટ્રીક સાથે ૧૧ ગોલ નોંધાવ્યા હતા.

વશિષ્ટ જોષીએ સેમીફાયનલ મેચ જે સુરત સામે હતી તેમાં ૬ એ ગોલ એકલાએ ફટકારી ટીમ પસંદગીકારોના મન જીતી લીધા હતા. તેણે આબેહૂબ રમત દાખવી અને ટૂર્નામેન્ટ આયોજકોના પણ દિલ જીત્યા હતા.

ગાંધીનગર જિલ્લાના ચાર ખેલાડીઓની પસંદગી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે થઈ છે જેમાં માઉન્ટ કાર્મેલ સ્કૂલના શ્રી વશિષ્ટ જોષી ઉપરાંત કેન્દ્રીય વિદ્યાલય સી.આર.પી. એફ. કેમ્પના શ્રી મહમદ નાસીર, કેન્દ્રીય વિદ્યાલય સે. ૩૦ ના શ્રી આદિત્ય જ્હા તેમજ ડિવાઈન ચાઈલ્ડ સ્કૂલ અડાલજના શ્રી ઓમ પાંડેની રાષ્ટ્રીય ટીમ માટે પસંદગી થઈ છે. જે જિલ્લા માટે ગૌરવપ્રદ ઘટના છે. આ સમાચાર આજે આવતાં જ રમતપ્રેમીઓ ખુશીઓથી ઝુમી ઉઠ્યા છે.

આ ટૂર્નામેન્ટમાં કોચ પ્રમોદ વાણિયા, ટીમ મેનેજર વિમલકુમારે ખેલાડીઓને સતત માર્ગદર્શન અને હૂંફ પુરી પાડી હતી.

રાષ્ટ્રીય ટીમ માટે હવે શ્રી ગુલાબ ચૌહાણ, શ્રી એન. સિસોદિયા અને શ્રી જતીન ભાવસારના માર્ગદર્શન હેઠળ તાલીમ લેશે. રાષ્ટ્રીય સ્તરે શ્રી વશિષ્ટ જોષીની પસંદગીને માઉન્ટ કાર્મેલ સ્કૂલે વધાવી છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૪, પ્રથમ માળ, ગાંધીનગર

આ કચેરીની કચેરી વ્યવસ્થાપનની સર્વ આનુષાંગિક સેવાઓ - સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીની સેવાઓ પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં રૂબરૂ / રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાતઅને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૩-૦૦ કલાક વચ્ચે તા. ૨૭/૧૦/૨૦૧૪ સુધીમાં આ કચેરીની રોકડ શાખા ખાતેથી એજન્સીના લેટરપેડ ઉપર કરેલ અરજી સાથે 'સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ'ના નામનો રૂ. ૫૦૦/- રોકડેથી (પરત નહીં ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ કચેરીની જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ કચેરીની જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

આ કામ અંગે પ્રીબીડ મીટીંગ તા. ૧૪/૧૦/૨૦૧૪ના રોજ ૧૨-૦૦ કલાકે મંડળની કચેરી ખાતે રાખેલ છે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ કચેરીમાં તા. ૨૯/૧૦/૨૦૧૪ના રોજ ૧૭-૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૫/૧૦/૨૦૧૪
માહિતી/૧૩૮૦/૧૪-૧૫

સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ગાંધીનગર